દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૦ એપ્રિલ, ૨૦૨૬

# જમીન માલિકીની અસમાનતા: ભારતની એક જૂની સમસ્યા

ભારતમાં અને વિશ્વભરમાં આર્થિક અસમાનતાની ચર્ચા અગાઉ અહીં થઇ ચુકી છે. મિલકતોની વહેંચણીની અસમાનતામાં જમીનની માલિકીની અસમાનતાનો પણ સમાવેશ થાય છે. ભારતમાં તો જમીનની માલિકીની અસમાનતા ઘણી જ છે અને તે ઐતિહાસિક રીતે લાંબા સમયથી ચાલતી આવી છે. ભારતમાં જમીનની માલિકીની બાબતમાં પ્રવર્તતી અસમાનતાને ઉજાગર કરતો એક વૈશ્વિક અહેવાલ હાલમાં પ્રગટ થયો છે જે ભારતમાં જમીનની માલિકીની વહેંચણીની અસમાનતા પર પ્રકાશ પાડે છે. વર્લ્ડ ઇનઇક્વાલિટી લેબ દ્વારા બહાર પાડવામાં આવેલા એક વર્કિંગ પેપર અનુસાર, ભારતના ટોચના ૧૦ ટકા ગ્રામીણ પરિવારો ૪૪ ટકા જમીન ધરાવે છે, જ્યારે ૪૬ ટકા ગ્રામીણ પરિવારો જમીનવિહોણા છે.

‘લેન્ડ ઇનઇક્વાલિટી ઇન ઇન્ડિયા: નેચર, હિસ્ટ્રી, એન્ડ માર્કેટ્સ’ શીર્ષક ધરાવતા આ પેપરમાં વધુમાં જણાવાયું છે કે, ટોચના ૫ ટકા પરિવારો ૩૨ ટકા જમીન ધરાવે છે, જ્યારે ગ્રામીણ જમીનની ૧૮ ટકા માલિકી માત્ર ટોચના ૧ ટકા પરિવારો પાસે છે. આ પેપર નીતિન કુમાર ભારતી, ડેવિડ બ્લેક્સલી અને સમરીન મલિક દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે, જે ભારતમાં જમીન માલિકી પરના અત્યાર સુધીના સૌથી મોટા ડેટાસેટ્સ પૈકીના એક પર આધારિત છે. આ અભ્યાસમાં ૨,૭૦,૦૦૦ ગામડાઓના આશરે ૬૫ કરોડ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પેપરમાં જણાવાયું છે કે, જ્યારે જમીનવિહોણા પરિવારોને ગણતરીમાં લેવામાં આવે છે, ત્યારે સરેરાશ ગ્રામીણ જમીનનો ‘ગિની ઇન્ડેક્સ’ (૦-૧૦૦ ના સ્કેલ પર અસમાનતા માપતો આંક) ૭૧ પર પહોંચે છે. સરેરાશ રીતે, સૌથી મોટો જમીનધારક ગામની અંદાજે ૧૨ ટકા જમીન પર નિયંત્રણ ધરાવે છે, અને કેટલાક ગામોમાં તો એક જ માલિક પાસે ખેતીલાયક જમીનનો અડધાથી વધુ હિસ્સો છે. વર્લ્ડ ઇનઇક્વાલિટી લેબ (WIL) એ પેરિસ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ સ્થિત એક સંશોધન પ્રયોગશાળા છે. આ પેપર મુજબ, ભારતના વિવિધ રાજ્યો વચ્ચે જમીન અસમાનતાના સ્તરમાં જોવા મળતી વિવિધતા એટલી જ વિશાળ છે જેટલી વિશ્વના વિવિધ દેશો વચ્ચે જોવા મળે છે. પેપરમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે કૃષિ ઉત્પાદકતા અને ઉચ્ચ જમીન અસમાનતા વચ્ચે મજબૂત સંબંધ છે.

ઐતિહાસિક પરિબળોની અસરો વિશે જણાવતા પેપરમાં કહેવાયું છે કે, જે ગામો સીધા બ્રિટિશ શાસન હેઠળ હતા ત્યાં ભારતીય શાસકોના શાસન હેઠળના ગામોની સરખામણીમાં જમીન અસમાનતા વધુ જોવા મળે છે. પેપરમાં સામાજિક સ્તરીકરણ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે અને જણાવ્યું છે કે, જે ગામોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો હિસ્સો વધુ છે ત્યાં જમીન વિહોણા હોવાનું પ્રમાણ પણ વધુ છે, જે ઉત્પાદક અસ્કયામતો સુધી પહોંચવામાં સામાજિક વંશવેલો કેટલી ઊંડી ભૂમિકા ભજવે છે તે દર્શાવે છે. જો કે, કેરળ અને પશ્ચિમ બંગાળ આમાં નોંધપાત્ર અપવાદ છે, જ્યાં લાંબા સમયથી ડાબેરી પક્ષોનું શાસન રહ્યું છે. અંતમાં પેપર અભિપ્રાય આપે છે કે બજારની પહોંચ ઐતિહાસિક રીતે જડાયેલી અસમાનતાઓને સંપૂર્ણપણે દૂર કરી શકતી નથી; શહેરો, રસ્તાઓ અને બજારોની નિકટતા પણ કુદરતી અને ઐતિહાસિક પરિબળો દ્વારા નિર્મિત જમીન અસમાનતાને બદલવા માટે પૂરતી નથી. જમીન પરની માલિકીની અસમાનતા એ સંપત્તિની અસમાનતા અને કુલ આર્થિક અસમાનતામાં ફાળો આપે જ છે પરંતુ જમીન પરની માલિકી પર ઐતિહાસિક અને વારસાઇ પરિબળો મોટા પાયે અસર કરતા હોવાથી તે અન્ય મિલકતોની માલિકીની અસમાનતા કરતા કંઇક જુદી પડે છે. આજથી હજારો વર્ષ પહેલા પૃથ્વી પર માણસોની વસ્તી ખૂબ ઓછી હતી અને વિશાળ જમીન ખુલ્લી પડેલી હતી. સબ ભૂમિ ગોપાલ કી જેવી હાલત હતી. સમય જતા માણસ સ્થાઇ થઇને ખેતી કરતો થયો અને વસ્તી પણ વધતી ગઇ તે સાથે જમીન પર માલિકી જમાવવાની શરૂઆત થઇ એમ માનવામાં આવે છે. શરૂઆતમાં આમાં બળિયાના બે ભાગ જેવી સ્થિતિ પણ હશે. જેણે જેટલી જમીન પર કબજો જમાવ્યો હશે તે પોતાના વારસાદારોને આપતા ગયા હશે, વળી આમાં પછી જમીનની લે-વેચના પરિબળો પણ ઉમેરાયા અને જમીનની માલિકીની બાબતની જટિલતાઓ પણ વધતી ગઇ. વસ્તી વધતી ગઇ તેમ જમીન પણ મોંઘી થતી ગઇ. જો કે અહીં પણ જમીન કયા સ્થળે આવેલી છે, કેવા પ્રકારની છે, કેટલી ફળદ્રુપ છે તે બાબતો પણ અસર કરે છે. આજે પણ બરફથી છવાયેલા પ્રદેશો, રણ પ્રદેશો, ઉજ્જડ પ્રદેશોમાં વિશાળ જમીન વિસ્તારો રેઢા પડ્યા છે પણ આજની તારીખમાં તો તે કશા કામના નથી. બીજી બાજુ, ન્યૂયોર્ક કે મુંબઇ જેવા મહાનગરોમાં જમીનના થોડા ચોરસ ફૂટના ટુકડાના પણ કરોડો રૂપિયા બોલાય છે. તે જ રીતે ખેતીની ફળદ્રુપ જમીનનો પણ ખૂબ ભાવ બોલાય છે. ભારતમાં જ નહીં, વિશ્વના અન્ય અનેક દેશોમાં પણ જમીનની માલિકીની અસમાનતાનો પ્રશ્ન છે જ. ભારતમાં આ અસમાનતા ઘટાડવા જમીન ટોચ મર્યાદા ધારો જેવા પ્રયોગો પણ થયા છે છતાં જમીનની માલિકીની અસમાનતાનો પ્રશ્ન યથાવત રહ્યો જ છે અને આજે તો તે વધુ વકર્યો છે. આર્થિક અસમાનતા ઘટાડવી હશે તો જમીન માલિકીની અસમાનતા ઘટાડવા પણ પ્રયાસો કરવા પડશે.

## માણસ વૃદ્ધ ક્યારે થાય

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ દરબારમાં અકબર બાદશાહે અચાનક બીરબલને એક વિચિત્ર સવાલ પૂછ્યો, બાદશાહ બોલ્યા, ‘‘બીરબલ, મારે જાણવું છે કે ક્યારે અને કઇ ઉંમરના દરવાજે પહોંચીને માણસ વૃદ્ધ થવા લાગે છે?’’ બીરબલ આવો વિચિત્ર સવાલ સાંભળી વિચારમાં પડ્યા અને બીજા બધા દરબારીઓ મનમાં રાજી થયા કે આજે બીરબલ જવાબ નહિ આપી શકે તો તેની ફજેતી થશે.

ચતુર બીરબલે વિચારીને માર્ગ કાઢ્યો અને કહ્યું, ‘‘જહાંપનાહ, આપનો સવાલ ઘણો કઠીન છે. શું હું શાંતિથી વિચારીને આવતી કાલે જવાબ આપું તો ચાલશે?’’ અકબર બાદશાહે કહ્યું, ‘‘ઠીક છે બીરબલ, હું તને વિચારવા માટે એક દિવસનો સમય આપું છું પણ આવતી કાલે બરાબર આ સમયે મને જવાબ મળવો જોઈએ.’’

બીરબલ દરબાર પૂરો થતાં ઘરે જવા નીકળ્યા અને આખા રસ્તે તેઓ આ સવાલનો જવાબ વિચારી રહ્યા પણ કોઈ સચોટ ઉત્તર મળતો ન હતો.ઘરે પહોંચીને પણ બીરબલ સતત વિચારમાં હતા. રાત્રે ભોજન પણ બરાબર ન કર્યું. બીરબલની પત્નીએ પૂછ્યું, ‘‘આપ બરાબર જમ્યા નહિ, કંઈ બોલતા નથી, શું વિચારો છો?’’

બીરબલે કહ્યું, ‘‘બાદશાહે મને એક વિચિત્ર સવાલ પૂછ્યો છે તેનો જવાબ વિચારી રહ્યો છું.’’ દીકરાએ પૂછ્યું, ‘‘શું સવાલ છે જેનો જવાબ તમારી પાસે નથી?’’ બીરબલે સવાલ કહ્યો કે ‘જીવનમાં ક્યારે અને કઈ ઉંમરના દરવાજે પહોંચીને માણસ વૃધ્ધ થવા લાગે છે?’’ દીકરાએ જવાબ આપ્યો, ‘‘મારા હિસાબે જયારે વાળ સફેદ થવા લાગે ત્યારે ...’’બીરબલ બોલ્યા, ‘‘ના, ઘણાં લોકોના વાળ જુવાનીમાં પણ સફેદ થઈ જતા હોય છે.’’

બીરબલ આખી રાત વિચારતા રહ્યા...વહેલી સવારે તેમને જવાબ સૂઝયો. દરબારના સમયે તેઓ દરબારમાં પહોંચી ગયા.બાદશાહે તરત પૂછ્યું, ‘‘બીરબલ, મારા સવાલનો જવાબ મળ્યો?’’ બીરબલે વિનમ્રતા સાથે ઊભા થઈને કહ્યું, ‘‘જહાંપનાહ, હા, ઉત્તર મળી ગયો છે તે છે ‘ચિંતા.’ જીવનમાં કોઈ પણ ઉંમર હોય જે દિવસથી માણસને કોઈ ચિંતા સતાવવા લાગે છે તે દિવસ અને તે ક્ષણથી માણસ વૃદ્ધ થવા લાગે છે. જ્યાં સુધી કોઈ ચિંતા નથી હોતી, મનમાં શાંતિ હોય છે ત્યાં સુધી માણસ કોઇ પણ ઉંમર હોય ખુશ,ચહેરા પર તાજગી ,આંખોમાં ચમક અને ચાલમાં આત્મવિશ્વાસ સાથે જવાન જ લાગે છે પણ જે દિવસે કોઈ સમસ્યા, કોઈ ડર, કોઈ ભૂલ, કોઈ પસ્તાવાના કારણે તેને કોઈ ચિંતા થવા લાગે છે તે ક્ષણથી તેની રાતોની ઊંઘ હરામ થઈ જાય છે, તેની ખુશી ગાયબ થઈ જાય છે અને તે અંદર આત્મા સુધી થાકી જાય છે અને ત્યારે તેની ઉંમર કંઈ પણ હોય તે વૃધ્ધ થવા લાગે છે.’’બીરબલે એકદમ સટીક જવાબ આપ્યો.

# સફળતાની વ્યાખ્યા બદલી રહી છે જેન-ઝી

## કહેવાની વાત

નેહા શાહ

**નવી પેઢી - જેન-ઝી - પોતાની જિંદગીને અલગ રીતે જોઈ રહી છે. સાંજે પાંચ વાગ્યા સુધી જેટલું કામ કરાવવું હોય એટલું કરાવી લો - પછી લેપટોપ બંધ કરી દેનારા આ પેઢીમાં ઘણા મળી રહેશે**

તાજેતરમાં એક મોટી કંપનીમાં કામ કરતા એક યુવાન કર્મચારીએ ઉંચા પગાર સાથે બઢતીની દરખાસ્ત ના સ્વીકારી. વધુ પગાર, સારી ઓળખ અને કારકિર્દીનો વિકાસ થતો હોય એવી તક કોઈ નકારી કેવી રીતે શકે? આ આશ્ચર્ય સૌને થયું. યુવાન કર્મચારીનો જવાબ આશ્ચર્યજનક રીતે સરળ હતો. તેણે કહ્યું કે તેને માત્ર પોતાનું કામ કરવું છે અને પછી ઘરે જવું છે! કોર્પોરેટ સેક્ટરના રોજગારની દુનિયામાં આજકાલ આવા કિસ્સાની ચર્ચા છે, કારણ કે આ કોઈ અપવાદ રૂપ કિસ્સો નથી. નવી પેઢી - જેન-ઝી - પોતાની જિંદગીને અલગ રીતે જોઈ રહી છે. સાંજે પાંચ વાગ્યા સુધી જેટલું કામ કરાવવું હોય એટલું કરાવી લો - પછી લેપટોપ બંધ કરી દેનારા આ પેઢીમાં ઘણા મળી રહેશે. બઢતીની સાથે વધુ પગાર મળે અને એક ઓળખ ઊભી થાય, પણ સાથે કામના કલાકો વધે, જવાબદારી વધે, વધુ મીટીંગો કરવી પડે અને માનસિક તણાવ પણ વધે. કારકિર્દીને આગળ ધપાવવાના આ રસ્તા પર તમારી વ્યક્તિગત જીંદગીનું મહત્વ પાછળ છૂટી જાય. ૧૯૯૭ થી ૨૦૧૨ની વચ્ચે જન્મેલી જેન-ઝી પેઢીને કારકિર્દી પાછળની આવી દોડધામ નથી જોઈતી. કામ અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જળવાઈ રહે એનુ મહત્વ વધારે છે.

આગળની પેઢી કે જે હાલમાં પોતાની કારકિર્દીના ટોચ પર છે તેમને માટે સફળતા નો મતલબ છે ઉંચો હોદ્દો અને સતત વધતો પગાર જેનાથી ભૌતિક સગવડો વાળું જીવન અને સમાજમાં એક મોભો ઊભો મળી શકે. એટલે પ્રમોશનની આકાંક્ષા અને વધુ પગારની આશામાં લાંબા કલાકો સુધી કામ કરવું જિંદગીનો ભાગ બની ગયા છે. એમને જેન-ઝીના અભિગમથી આશ્ચર્ય થાય છે. એમને આ અભિગમમાં આળસુ વૃત્તિ કે મહત્વાકાંક્ષા નો અભાવ દેખાય છે પણ, આ પેઢી સફળતાની વ્યાખ્યા જ બદલી રહી છે. ડેલોઈટ કંપનીએ જેન-ઝીના અભિગમ સમજવા એક અભ્યાસ કર્યો જેમાં માત્ર છ ટકા લોકોની મહત્વકાંક્ષા કોર્પોરેટની સીડી પર ટોચ સુધી પહોંચવાની હતી! લગભગ નેવું ટકાએ કહ્યું કે જિંદગીના બીજા લક્ષ્ય પણ મહત્વના છે. પૈસા કમાવવું અગત્યનું છે પણ જરૂર જેટલાં. સાથે માનસિક સુખાકારી પણ મહત્વની છે. કામ એવું કરવું છે જે તમને કોર્પોરેટના ગુલામ ના બનાવે પણ સંતોષ આપે. જે કામની પાછળ રાત-દિવસ એક કર્યા પછી એના ફળ કોર્પોરેટના નફામાં જાય, તમારા ભાગે એક નાની બઢતી આવે અને એ પછી પણ નોકરી ચાલુ રહેશે એની ખાતરી ના હોય તો આવી અનિશ્ચિતતા પાછળ પોતાનો સમય અને ભાવનાત્મક ઊર્જા શું કામ ખર્ચવા જોઈએ? આ સવાલ ખોટો તો નથી.

કોવીડના લોકડાઉનના સમયે લોકોને જીવનની પ્રાથમિક જરૂરીયાતોને નવેસરથી ઓળખવાનો મોકો મળ્યો. દુનિયાના જુદા જુદા ખૂણેથી ડિજીટલ વિશ્વમાં જુદી જુદી ચળવળ શરુ થઈ. ૨૦૨૧ થી ૨૦૨૩ના વર્ષોમાં અમેરિકામાં ઘણા લોકો એ નોકરીમાંથી સ્વૈચ્છિક રાજીનામું આપ્યું. સતત વ્યસ્ત રાખતી જીંદગી નથી જીવવા માંગતા અને શાંત જીવન ઈચ્છે છે એ સંદેશો સ્પષ્ટ કર્યો. આ જ સમયે ચીનમાં એક છવ્વીસ વર્ષના છોકરા એ સોશ્યલમીડિયા પર પોસ્ટ કરી કે નોકરીની ધુંસરીથી કંટાળીને એણે નોકરી છોડી, પછી ૨૧૦૦ કિમી જેટલો સાયકલ પ્રવાસ કર્યો અને હવે જરૂર જેટલું કમાઈ, બાકીનો સમય વાંચવામાં કાઢે છે - આમ આડા પડી રહેવું એને આધ્યાત્મિક સંતોષ આપે છે. એની આ પોસ્ટને અનેક લોકોએ વધાવી લીધી અને ‘લાય-ફ્લેટ’એટલે ‘આડા પડો’જેવી એક ચળવળ ચાલુ થઈ. એક જ સમયે બે જુદા જુદા દેશની જુદી જુદી આર્થિક - રાજકીય વ્યવસ્થામાં રહેતા યુવાનો ની વાતનો સુર તો એક જ છે કે - વર્તમાન વ્યવસ્થા નફો વધારવા માટે માણસને માત્ર એક ઉત્પાદનના સાધન તરીકે જુએ છે - જે ભૌતિક સગવડ તો આપે છે, પણ માનસિક અને ભાવનાત્મક સુખની પરવાહ નથી કરતી. દસ-બાર કલાક કામ કર્યા પછી પણ, મોંઘવારીને પહોંચી ના વળાતું હોય, પોતાનું ઘર ખરીદી શકાય એટલા પૈસા ભેગા ના થઈ શકતા હોય અને કારકિર્દીમાં આગળ વધવાની તકો પણ મુઠ્ઠીભર લોકોના હાથમાં જ કેન્દ્રિત હોય તો આ પ્રશ્ન વ્યક્તિગત નિષ્ફળતાનો નથી પણ આર્થિક વ્યવસ્થાનો છે. આવી વ્યવસ્થા પાછળ હાંફી જવાય એટલું દોડવાનો મતલબ નથી.

આ ટ્રેન્ડ વર્તમાન ઉપભોગતાવાદી જીવનશૈલી સામે પણ સવાલ ઊભા કરે છે. વધારે આવકની રેસમાં દોડવા પાછળનું મુખ્ય કારણ ભૌતિક સગવડોની લાલસા છે. એક સ્કુટર હોય તો એક ગાડી જોઈએ, પછી મોટી ગાડી જોઈએ, પછી મોટી બ્રાન્ડવાળી ગાડી જોઈએ.... આ ઈચ્છોનો કોઈ અંત નથી જેને સંતોષવા માંડેલી દોડનો પણ કોઈ અંત નથી. પણ, જો જીવનની જરૂરિયાતો જ ઘટાડી દઈએ તો? આમેય ઉપભોગતાવાદે કોર્પોરેટ નફો વધારી, મૂડીનું કેન્દ્રીકરણ કરી આર્થિક વૃદ્ધિ વધારી છે. પણ એમાં સમાજનો સર્વાંગી વિકાસ ક્યાં છે? એમાં પર્યાવરણને થયેલા નુકસાનને જોડીએ તો આ વ્યવસ્થા ભાંગી પડવાને આરે આવીને ઊભી છે. આની સામે જેન-ઝીના જરૂરીયાતોને મર્યાદિત કરી શાંતિથી જીવવાનાં અભિગમને અપનાવી વર્તમાન વ્યવસ્થાને પડકારી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચૂંટણીની ચર્ચા વચ્ચે ગુજરતમાં નશાનો વેપાર ચિંતાજનક રીતે વધી રહ્યો છે તેની ચિંતા પણ કરવી

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**ગુજરાતના નાગરિકોની ચિંતાનો ખરો વિષયઆ છે. હા, કોન્ટ્રાકટ સિસ્ટમમાં યુવાનોનું થતું શોષણ, સરકારી નોકરીયોનો અભાવ, વધતા જતા ભાવ, પાયાની, સામાજિક-સામુહિક સેવાઓનું ખાનગીકરણ આપડી ચિંતાનો વિષય છે જ**

ચાર રાજ્યોના ચૂંટણી અને રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે . લોકો પાનનાગલ્લે અને બાકડા પરીસદમાં રાજનીતિની ચર્ચા કરવા લાગ્યા છે. પણ આ ચર્ચા કરનારા ગુજરતમાં યુવાનોમાં નશાનું પ્રમાણ વધ્યું છે તેની ચિંતા થતી નથી. ચૂંટણી ની ચર્ચા કરવીજ જોઈએ પણ સાથે આ નશાના દુષણની પણ ચિંતા કરવા જેવી છે

ગુજરાતના નાગરિકોની ચિંતાનો ખરો વિષયઆ છે. હા, કોન્ટ્રાકટ સિસ્ટમમાં યુવાનોનું થતું શોષણ, સરકારી નોકરીયોનો અભાવ, વધતા જતા ભાવ, પાયાની, સામાજિક-સામુહિક સેવાઓનું ખાનગીકરણ આપડી ચિંતાનો વિષય છે જ. જીવવું મોઘું છે, માંદા પડવું પણ મોઘું છે. બાળકોને ભણાવવું મોઘું છે. પણ હવે આપડી નવી ચિંતાનો વિષય છે ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સ નું વધતું દુષણ એમાય સત્તા વાળા એમ કહે કે પકડાયેલા ગાંજા માંથી આટલો માલ ઉંદર ખાઈ ગયા ત્યારે તો ખાસ વિચરવું પડે . અમદાવદ એરપોર્ટ પરથી સતત ગાંજો પકડાઈ રહ્યો છે . દારૂના અડ્ડા ની વિડીઓ રીલ અને નેતાઓ ના આક્રોશ સામે આવી રહ્યા છે ત્યારે આપના બાળકો પણ મોડીરાત સુધી ક્યાં ફરેછે તેની ચિંતા કરવી જોઈએ.

પહેલા સાંભળવા મળતું કે અમુક ચોક્કસ લોકો જ ગાજો ચરસ ના બંધાણી હોય છે.પણ હવે તો હુક્કા બાર અને શહેર ના રાજમાર્ગો પર મોડી રાત્રે ચાલતી કીટલીઓ પર પણ આ બધાજ નશા થાય છે

ગાંધીબાપુ ના ગુજરાતમાં દારુ બંધી છે છતાં દારુ વેચાય છે એમ ઘણા મને છે પણ હવે તો ડ્રગ્સ વેચાયા છે અને તે પણ ઓનલાઈન એ કેટલા જાણે છે ?

આપડે કદી આપડા બાળકો ક્યાં કોને મળે છે તેની ખબર રાખીએ છીએ ? એમના મોબાઈલ ની કીમત પણ ઘણા માબાપ જનતા નથી . જો બાળકો મોઘા મોબાઈલ વાપરે છે તો તે ક્યાં થી આવ્યા ? આ પ્રશ્ન થવો જોઈએ . આજે સો રૂપિયાને પાર વેચાતું પેટ્રોલ એ કેવી રીતે ભરાવે છે? અને બાઈક પર ક્યાં ફરે છે તે આપડી ચિંતા નો વિષય છે’ ક્યારેક તેની વોટસેપ ચેટ આપડે તપાસતા રહીએ, તો પોલીસ ને નહી તપાસવી પડે .

આજે કળા કારોબાર કરનારા આધુનિક બની ગયા છે . ટેકનોલોજી ના ઉપયોગથી ઓર્ડર લેવાયા છે . હોમ ડીલીવરી કે હેન્ડ ટુ હેન્ડ ડીલીવરી થયા છે ત્યારે ,આ ડ્રગ્સ ના દુષણ માં આપડા પાલ્ય નથી સપડાયા તે જોવું પડશે .ગુજરાતના માતાપિતા દીકરો દીકરી બીજા ગોળમાં કે બીજી જ્ઞાતિમાં ના પરણે તે માટે સતત ચિંતિત હોય છે . બીજા ધર્મમાં ના પરણે એતો ચિંતા સરકાર પણ કરે છે. પણ આ જ બાળક ખોટા રવાડે

ના ચડે એ, ડ્રગ્સ ના બંધાણી ના બને એ માટે કોઈ ચિંતા કરતુ નથી

છાપામાં ડર અઠવાડિયે ડ્રગ્સ સાથે માણસ પકડાયા ના સમાચાર છપાય છે. ગુજરતના અગ્રણી અખબાર તથા સામાયિકો હવે ડ્રગ્સ વિષે કવર સ્ટોરી કરતા થયા છે ગુજરતના પોર્ટ પર ૨૦૦૦ કરોડના ડ્રગ્સ પકડાયા ના સમાચાર તાજાજ છે.પણ આ સ્માંકાહ્લોની વચ્ચે થી ઉપસી આવતું સત્ય એ છે કે ગુજરાતમાં ડ્રગ્સ નો કલાઓ કારોબાર હવે મોટો વ્યાપક અને કરોડો નો ધંધો છે . સ્વાભાવિક છે તંત્ર પણ આમાંથી કઈક મેળવતું હોય .સત્તા ના સાથ વગર આટલો મોટો એટલો ખોટો અને એટલો લાંબો સમય કોઈ કારોબાર ચાલે નહિ .પણ આપડો ઈરાદાઓ રાજકીય આક્ષેપો કરવાનો નથી . આપડો ઈરાદો પ્રજાને જાગૃત કરવાનો છે

સામજિક સમસ્યાઓના ઉકેલમાં સરકારને સાથ આપવો જોઈએ અને જરૂર પડે ત્યાં કાન આમળવો જોઈએ

આજે ગુજરાતના નાના નાના ગામડા માં સાજ પડે એટલે ગાજો ચરસ ફુકાય છે . શહેરના હાઈવે પર બાઈકો પાર્ક કરીને યુવાનો આ લત લગાડે છે પાર્ટી પ્લોટોમાં ખાસ પાર્ટીઓ યોજાય છે અન એ ડ્રગ્સ ની લતે ચડેલા યુવાનો , ચોરી ઓનલિયન ફ્રોડ કે ક્રેડીટ કાર્ડ ના દેવા તળે ડૂબતા જાય છે રાજ્યમાં છેલ્લા વર્ષોમાં વ્ધ્દેલા ગુન્હા ખોરીના આકડા તપાસો તો આ નશો અને તેના દ્વરા ઉભુથાયેલું નાશનું તંત્ર સ્પસ્ટ થયા વગર હેલ્સે નહી માટે સમય છે વેળા સર જાગવાનો . ઉડતા પંજાબ ની જેમ ઉડતા ગુજરાત નુંનામ પ્ર્ખાયતા નથી કરવાનું . ગુજરાતના માતાબાપ ઉઘે તો જ યુવાનો નશામાં ઉડે પણ આપડે તે થવા દેવાનું નથી . રાજકારણ અને લાલચ થી ઉપર ઉતીને ગુજરતમાં પ્રસરતા આ કળા કારોબારને નાથવાનો છે આ સમસ્યા બિલકુલ નજર અંદાજ કરવા જેવી નથી આ દુષણ સામે બહુ આયામી લડત આપવી પડે તેમ છે એક તરફ યુવાનો એમાં ના સપડાય તેની જાગૃતિ ચલાવવી . બે ડ્રગ્સ ના રવાડે ચડેલા યુવાનો ને પ્રેમ હૂફ આપી સાચા માર્ગે પાછા વળવા અને ડ્રગ્સ ના કારોબારીઓ ને ઝેર કરવા તેમને સજા કરવી અને તેમની સાથે સાથગાથ રાખનારા ને ખુલ્લા પાડવા આવા ત્રીપાખીયા જંગ થીજ આ શેતાનને હરાવી શકાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ઈશ્વરની પ્રજ્ઞા અમાપ

ઈશ્વર મનુષ્ય વડે ( એના સર્જન થકી) આવા અદ્ભુત સર્જનો સહજપણે આપણને પ્રસાદ તરીકે આપે છે. ચાલો, આ પ્રસાદ ગ્રહણ કરી, આખા વિશ્વને આપણી બાથમાં લઈને પ્રેમના પરસ્પર કાળજી અને સહાયનાં ગીતો ગાઈએ. દુનિયાભરના એન્જિનિયર કેટલી મહેનતથી આપણને એક બીજા સાથે જોડી દે છે. ચાલો,આપણે એક સૂર અને એક તાલમાં ખુશી, આત્મીયતા અને (safty) સુરક્ષિતતાનાં મંગળ ગીતો ગાઈએ અને આપણા આ ગીતોના માધુર્યમાં યુધ્ધના મૂર્ખ, બેસૂરા ઘોંઘાટને સાચે જ ઢાંકી દઈએ.

**બરોડા- બીના ગાંધી કનાણી**

## યુદ્ધ ક્યાં સુધી ચાલશે?

28 ફેબ્રુઆરી 2026 થી ઈઝરાયેલ અમેરિકાનું ઈરાન સાથે યુદ્ધ ચાલી રહ્યું છે જે આજે પણ ચાલુ છે. અમેરિકા યુદ્ધ પોતાના દેશમાં લડતું નથી. પરંતુ આરબ દેશોમાં તેને બનાવેલા લશ્કરી બેઝથી આ યુદ્ધ લડાઈ રહ્યું છે એ કારણે ઈરાન આરબ દેશોમાં યુએસના બેઝ હોવાથી તેના ઉપર હુમલો કરે છે. પોતાના દેશમાં અમેરિકાના લશ્કરી બેઝ હોવાથી આરબ દેશોને ઈરાન તરફથી થતા હુમલાથી તબાહી વેઠવી પડે છે. ઈરાનના સતત હુમલાથી આરબ દેશોનું ક્રુડ ઉત્પાદન બંધ થવાની નોબત આવી છે. તેનાથી આરબ દેશોના અર્થતંત્ર પર ભારે અસર પડી શકે છે. ક્રુડ ઉત્પાદનની તંગીના કારણે દુનિયામાં ક્રુડના ભાવો વધી જશે અને આમ જનતાએ મોંઘવારીનો સામનો કરવો પડશે. એશિયાના તમામ દેશો એક થઈ એશિયામાં અમેરિકાનું વર્ચસ્વ ખતમ કરવું જોઈએ. અમેરિકાને આરબ દેશોમાંથી જ નહીં પણ એશિયાના તમામ દેશોમાંથી જ્યાં જ્યાં તેના લશ્કરી બેઝ છે ત્યાંથી તેની હકાલપટ્ટી કરવી જોઈએ. એશિયન તમામ દેશોએ અમેરિકાની સાન ઠેકાણે લાવવા તેને તગેડી એશિયામાંથી તેનો હસ્તક્ષેપ સદંતર બંધ કરવા એકજૂથ થવાની જરૂર છે. જો એશિયન દેશો અરસપરસની દુશ્મની ભૂલીને એકજૂથ થશે તો એશિયાના દેશોમાં સંપૂર્ણ શાંતિ થઈ જશે.

**સુરત - વિજય તુઈવાલા**

## માત્ર વેશ જોઈને વંદન કરવું કેટલું યોગ્ય?

અમારા સમાજમાં સદીઓથી સાધુ-સંતોને ઘણું માન-સન્માન આપવામાં આવ્યું છે. તેમનો વેશ, તેમનાં વસ્ત્રો અને તેમની જીવનશૈલીને જોઈને લોકો તેમને શ્રદ્ધાથી વંદન કરે છે.હકીકતમાં સંત કે સાધુની સાચી ઓળખ તેના કપડાંથી નહીં પરંતુ તેના ચરિત્ર, આચરણ અને વિચારો પરથી થાય છે. ઈતિહાસમાં ઘણા મહાન સંતોએ સમાજને સાચો માર્ગ બતાવ્યો છે અને લોકોને સત્ય અને ધર્મના માર્ગે ચાલવાનું શીખવ્યું છે. પરંતુ આજના સમયમાં કેટલાંક લોકો સાધુનો વેશ ધારણ કરીને સમાજને ભ્રમિત પણ કરી રહ્યા છે. સમાચારોમાં ઘણી વખત જોવા મળે છે કે કેટલાક કથિત સાધુ-સંતો ઠગાઈ, શોષણ અને અનૈતિક કાર્યોમાં સંકળાયેલા હોય છે. આવા બનાવોથી સમાજની આસ્થા અને વિશ્વાસને મોટો આઘાત પહોંચે છે ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભો થાય છે કે શું આપણે માત્ર કોઈનાં વસ્ત્રો જોઈને તેને સંત માની લઈએ? એક જાગૃત નાગરિક તરીકે પવનકુમાર વિશ્વકર્માનું માનવું છે કે વેશ માત્ર બાહ્ય ઓળખ છે, પરંતુ વ્યક્તિની સાચી ઓળખ તેનાં કર્મ અને ચરિત્રથી થાય છે. જો કોઈ વ્યક્તિ સાધુનો વેશ ધારણ કરીને ખોટાં કાર્યો કરે છે તો તે સમાજના વિશ્વાસનો દુરુપયોગ જ કરે છે. આજના સમયમાં જરૂર છે કે સમાજ અંધશ્રદ્ધા અને અંધભક્તિથી ઉપર ઊઠીને સમજદારીથી વિચાર કરે. કોઈને પણ માત્ર તેના વેશ પરથી નહીં પરંતુ તેના વર્તન, વિચારો અને સમાજ માટેના યોગદાનના આધાર પર જ સન્માન આપવું જોઈએ. અંતમાં એટલું જ કહી શકાય કે વેશ નહીં, પરંતુ વ્યક્તિનું ચરિત્ર જ સન્માનનો સાચો માપદંડ છે.

**સુરત - પવનકુમાર ડી. વિશ્વકર્મા**

## ઝાઈયનિઝમ

નવસારીથી વાચક કમલેશ મોદીએ ભારતીય વડાપ્રધાન મોદીના યુદ્ધમાં મૌન રહેવા બાબતે પ્રશ્નો વ્યક્ત કર્યા. ઝાઈયનીસ્ટ ઈસ્રાએલ બાબતે મોદી મૌન રહ્યા એને રાજકારણમાં મુત્સદ્દીગીરી કહેવાય છે. આપણે રોજિંદા જીવનમાં પણ સ્વજનો, મિત્રો, સ્ટાફ વચ્ચે ચોક્કસ સંજોગોમાં મૌન ધારણ કરીએ જ છીએ. ન્યુઝ ચેનલો પર રોજિંદી ચર્ચાઓ થાય છે. એમાં અનેક વાર આર્મી, નેવી, એરફોર્સના પૂર્વ હોદ્દેદારો પણ સામેલ હોય છે. આ સૌ વૈશ્વિક ગતિવિધિથી સારી પેઠે વાકેફ હોય છે. એટલું જ નહીં એમને અનુભવ પણ હોય છે. આ સૌ એકસૂરે મોદીની આ નીતિના મ્હોં ફાટ વખાણ કરે છે. ઈરાન યુદ્ધ બાબતે મોદીની કૂટ નીતિ અંગે કોંગ્રેસના જ ચાર વિદ્વાનોએ વિરોધાભાસી વિધાનો કર્યાં છે. આ મહાનુભાવો છે; કમલનાથ, શશી થરૂર, મનીષ તિવારી અને આનંદ શર્મા. રાહુલે મોદીના વલણને કોમ્પ્રોમાઈસ્ટ કહ્યું ત્યારે શશી થરૂરે એને જવાબદારીપૂર્ણ પગલું કહ્યું. મને ખાતરી છે કે હું આ તજજ્ઞો જેટલો હોશિયાર કે ચતુર તો નથી જ. (pun intended) વિપક્ષો પાસે કોઈ નક્કર દલીલ બાકી નહીં રહી ત્યારે ઈરાનને ‘આશ્વાસન પત્ર કોન્ડોલન્સ લેટર વિલંબે મોકલ્યો’નું રડગાણું ગાયું. પરંતુ આ ડાયરીમાં આશ્વાસન સંદેશ લખનાર સૌ પ્રથમ દેશ જ ભારત છે. આ લોકો ટી.વી. ની ટોક કે અન્યત્ર ક્યાંય ફાવતાં નથી. દર વખતે શ્રોતા ભાજપના પ્રવક્તાને પક્ષે જ હોય છે અને સર્વેક્ષણમાં પણ અગ્રેસર રહે છે. દરેક વખતે ગોબેલ્સ નીતિ બહુ સારી નહીં, બલકે ક્યારેય નહીં. ભારત ઈરાન પાસેથી પેટ્રોલિયમ ખરીદે તે વ્યાપારિક વહેવાર છે. પુલવામા, ઉરી, પહાલગામ કોઈ કહેતાં કોઈ મુશ્કેલી વખતે ઈરાને ભારતતરફી કોઈ વિધાન નથી કર્યું. મોદીનો વિરોધ કરતાં કરતાં વિપક્ષો ભારત કે સનાતન હિન્દુ ધર્મનો વિરોધ કરે છે તે જ રીતે પૂર્વગ્રહને કારણે તાર્કિક બાબત હાંસિયામાં ધકેલાઈ જાય અને વિરોધ પૂરતો વિરોધ થાય એ સ્તુત્ય નથી.

**બારડોલી - વિરલ વ્યાસ**

## ક્યાંક બાળકો પાસેથી એમનું વેકેશન તો છીનવાઈ નથી જતું ને?

દસમા બારમાની પરીક્ષાઓ પૂરી થઈ અને શાળા કોલેજોની વાર્ષિક પરીક્ષાઓનો દોર શરૂ થયો.મે માસમાં ‘વેકેશનનો વૈભવ ‘એવું એક સમયે કહેવાતું પણ આજે તો વેકેશનમાં પણ બાળ શિબિર ,સમર કોચિંગ ક્લાસીસ અને એમાંય પછીનું વર્ષ દસમા કે બારમાનું હોય તો કોચિંગ ક્લાસીસવાળા આ બે બોર્ડ પરીક્ષાઓની તૈયારી કરવા માટે અત્યારથી જ ક્લાસીસ ખુલ્લા મૂકી દે છે એટલે વેકેશનનું પણ બારમું થઈ જાય છે. વિદ્યાર્થીઓ વેકેશનના સમયમાં પણ મુક્તિ અને મોજમસ્તીનો અનુભવ કરી શકતાં નથી. આખું વર્ષ સ્કૂલ અને ક્લાસીસની વચ્ચે દોડતાં વિદ્યાર્થીઓને માટે વેકેશન તેમને મનગમતી પ્રવૃત્તિઓ કરવાની તક પૂરી પાડે છે. મોબાઈલની ફેવર અને ક્રિકેટ ફીવરને કારણે ખો-ખો ,પકડદાવ ,હુતુતુતુ , સંતાકૂકડી જેવી શેરી અને મેદાની રમતો અને ઈન્ડોર ગેમ્સ ભૂલાતી જાય છે. પહેલાં તો મોટા ભાગનાં સગાં સંબંધીઓ એક જ શહેરમાં રહેતાં હોવાથી તેમના ઘરે જવામાં વેકેશન પૂરું થઈ જતું. આમાં પહેલી પસંદ મામાને ઘેર જવાની રહેતી. હવે તો મામાને ઘેર જવા ફોન ઉપાડીએ તો ખબર પડે કે મામા જ સહકુટુંબ લાંબી ટુર પર નીકળી ગયા છે. તો જવું ક્યાં?

**સુરત - વૈશાલી શાહ**